| | |
|---|---|
| કેસ રજુ તારીખ | ૧૮/૦૬/૨૦૨૧ |
| કેસ રજી તારીખ | ૧૮/૦૬/૨૦૨૧ |
| કેસ ફેસલ તારીખ | ૨૪/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૫ ૦૦ ૦૬ |

**<u>ધારીના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ અને</u>**

**<u>એડી.ચીફ.જ્યુડી.મેજી.સાહેબની કોર્ટમાં, મુકામ–ધારી.</u>**

**ફો.કે.નં.–૧૬૦૬/૨૦૨૧.**

**આંક–૪૧**

**ફરિયાદી :** સરકારશ્રી.

**<u>વિરૂધ્ધ</u>**

**આરોપી :** (૧) **પરશોતમભાઇ નાનજીભાઇ જાળેરા,** ઉ.વ.૪૪,
રહે.છતડીયા, તા.ધારી, જી.અમરેલી.

(૨) **રાજુભાઇ બચુભાઇ જાળેરા,** ઉ.વ.૩૮,
રહે.છતડીયા, તા.ધારી, જી.અમરેલી.

ફરિયાદી તરફે એ.પી.પી.શ્રી :– બી. કે. ચૌધરી./એમ.એમ.સકસેના.

આરોપી તરફે વિ.વ.શ્રી :– આર.બી.જોષી./ પી.એમ.મકવાણા

**<u>તહોમતઃ</u> <u>ધી ગુજરાત નશાબંધી કાયદા</u> ની <u>કલમ–૬૫(એફ)</u>**
**<u>મુજબના ગુન્હા બાબત.</u>**

**–: જજમેન્ટ :–**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૧૭/૧૧/૨૦૨૦ના કલાક ૪:૩૦ વાગ્યે છતડીયા ગામે આ કામના આરોપીઓએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે ૧૫૦ લીટર દેશી દારુ બનાવવાનો આથો જે એક લીટરનાં કિં.રૂ.૨/- ગણી કુલ આથાની કિં.રૂ.૩૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓ હાજર મળી આવી, ગુન્હો કરેલ હોવાની ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ **ધી ગુજરાત નશાબંધી કાયદાની પ્રોહી. કલમ-૬૫(એફ)** મુજબની ફરિયાદ આપતાં, તે ફરિયાદ ધારી પોલીસ સ્ટેશને પ્રોહી. ગુન્હા રજી. નં.૧૧૧૯૩૦૧૮૨૦૧૩૨૯/૨૦૨૦ મુજબનાં ગુન્હા બાબતે નોંધી તપાસ કરનાર અધિકારીએ તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પૂરતાં પુરાવા જણાતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ કરેલ.

**(૨)** આરોપીઓ સામેનું ચાર્જશીટ રજુ થતાં આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ અદાલતમાં હાજર થતા સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ **આંક-૦૬** થી **તહોમતનામુ** ફરમાવી વાંચી સંભળાવી સમજાવી **આંક-૦૭** તથા **૦૮** થી **આરોપીનો જવાબ** લેતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

**(૩)** સદર કામમાં ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**મૌખિક પુરાવો:-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ નાથાભાઇ સવજીભાઇ રવોદરાંની જુબાની. | ૧૬ |
| ૨ | પંચસાહેદ કિશોરભાઇ ધીરૂભાઇ રવોદરાંની જુબાની. | ૧૮ |
| ૩ | ફરિયાદી રાજુભાઇ કથુભાઇ વરૂની જુબાની | ૩૧ |

| | | |
|---|---|---|
| ૪ | સાહેદ હરપાલસિંહ ગીરવાનસિંહ ગોહિલની જુબાની | ૩૫ |
| ૫ | ચાર્જ.અધિકારી શિવરાજભાઇ ભગુભાઇ ખાચરની જુબાની | ૩૯ |

## દસ્તાવેજી પુરાવો:-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ દારુ કબ્જે કર્યા અંગેનું પંચનામુ. | ૧૭ |
| ૨ | ફરિયાદ. | ૩૨ |
| ૩ | એફ.એસ.એલ.રીપોર્ટ | ૩૩ |

ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક જાહેર કરેલ.

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થતાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીને તેઓની વિરૂઘ્ધની હકીકત અને સંજોગો અંગે સમજાવેલ અને તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં ખોટો પુરાવો હોવાનુ, ખોટી તપાસ કરેલ હોવાનું, ખોટા પંચનામાં કરેલ હોવાનું અને તેઓ કશું જાણતા ન હોવાનું જણાવી આરોપીએ તેમની સામેના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે, ''અમો નિર્દોષ છીએ, આવો કોઇ ગુનો અમોએ કરેલ નથી.'' વધુમાં તેઓ પોતે બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેમ જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ. વ. શ્રીની દલીલો સાંભળી. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી એ દલીલો કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં સફળ થયેલ છે જેથી આરોપીને સજા કરવા અરજ છે. જયારે આરોપીના

વિ.વ.શ્રી દલીલો કરતાં જણાવે છે કે, આ કામે પંચસાહેદો ફરી ગયેલા છે અને ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. ફરિયાદપક્ષે પોલીસ સાહેદો છે તે હિત ધરાવનાર સાહેદો છે. આરોપીને ખોટી રીતે સંડોવી દઈ કામગીરી બતાવા ખોટી ફરિયાદ આપેલ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે. જેથી ફકત પોલીસ સાહેદની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ કરેલ છે.

**(૬)** હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતાં સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**: મુદ્દા :**

**૧.** શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકિકત પુરવાર કરી શકે છે કે, ગઈ તા.૧૭/૧૧/૨૦૨૦ના કલાક ૪:૩૦ વાગ્યે છતડીયા ગામે આ કામના આરોપીઓએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે ૧૫૦ લીટર દેશી દારુ બનાવવાનો આથો જે એક લીટરનાં કિં.રૂ.૨/- ગણી કુલ આથાની કિં.રૂ.૩૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓ હાજર મળી આવી, **ધી ગુજરાત નશાબંધી કાયદાની કલમ-૬૫(એફ)** મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

**: નિર્ણયો :**

**(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**-:કારણો:-**

<u>**મુદ્દા નં. ૧:**</u>

(૭) આ કામે ફરિયાદપક્ષ તર્ફે **આંક–૧૬** થી પંચસાહેદ **નાથાભાઇ સવજીભાઇ રવોદરાં**ને તથા **આંક–૧૮** થી પંચસાહેદ **કિશોરભાઇ ધીરૂભાઇ રવોદરાં**નાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૧૭** થી રજુ મુદ્દામાલ કબજે કર્યાનાં પંચનામામાં માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય પંચનામાની હકીકતોને કોઈ જ સમર્થન આપેલ નથી. આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ ઉલટ તપાસ દરમિયાન સદર પંચસાહેદે તમામ હકીકતોનો ઈન્કાર કરી દીધેલ છે તેમજ સદર પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી.

(૮) ઉપરોકત પંચ સાહેદોના મૌખીક પુરાવાની હકીકત જોવામાં આવે તો, આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ નથી અને પંચસાહેદોની જુબાનીથી **આંક –૧૭** નું મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું યોગ્ય રીતે પુરવાર થતુ નથી. આમ, આક્ષેપીત મુદ્દામાલ હાલના પંચસાહેદોની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૯) વધુમાં આ કામે **આંક–૩૧** થી ફરિયાદી **રાજુભાઇ કથુભાઇ વરૂ, આંક– ૩૫** થી સાહેદ **હરપાલસિંહ ગીરવાનસિંહ ગોહિલ** તથા **આંક–૩૯** થી ચાર્જ.અધિકારી **શિવરાજભાઇ ભગુભાઇ ખાચર**નાઓને તપાસવામાં આવેલ છે તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદપક્ષનાં કેસને અનુરૂપ પુરાવો આપેલ છે તથા **આંક–૩૨** થી **ફરિયાદ** રજુ કરેલ છે તથા **આંક–૩૩** થી **એફ.એસ.એલ.રિપોર્ટ** રજુ કરેલ છે.

સદર **ફરિયાદી તથા સાહેદ**ની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે,

ફરિયાદી, ત.ક.અ. તથા સાહેદ તેમના સ્ટાફના છે, પંચોને કોણ બોલાવવા ગયેલા તેનો ઉલ્લેખ ફરિયાદમાં નથી, ગુન્હાવાળી જગ્યા એ રહેણાંક મકાન છે, તેની માલીકીનો કોઈ આધાર પુરાવો તેમણે તપાસના કામે સામેલ રાખેલ નથી, તેમણે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, પોલીસ સ્ટેશન છોડતાં પહેલા સ્ટેશન ડાયરીમાં કોઈ નોંધ કરેલ નથી, તેઓને ઉપલા અધિકારી દ્વારા પ્રોહી.ના કેસ કરવા માટે ટારગેટ આપવામાં આવે છે. જયારે સદર કામે તપાસ **અધિકારીની** બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ચાર્જશીટ જોતાં ચાર્જશીટ સાથે રેડમાં ગયેલ તે વાહનની કરેલ નોંધ તેમજ સ્ટેશન ડાયરીની નોંધ રજુ નથી, રેડમાં જઈએ તો સ્ટે.ડાયરી તેમજ સરકારી વાહન લઈને જઈએ તો લોગબુકમાં નોંધ કરવી પડે, તેમની ફરિયાદમાં પંચોના પુરા નામ–ઠામ જણાવેલ નથી, તપાસમાં આરોપીની ઓળખનો પુરાવો સ્થળ પરથી કબજે કરેલ નથી, ગુન્હાવાળી જગ્યાની ચતુર્દીશા ફરિયાદમાં વર્ણવેલ નથી, તપાસના કાગળો પરથી જણાવે છે કે, ગુન્હાવાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે અને આજુબાજુ બીજા મકાન આવેલા છે, પંચોને બોલાવવા કોણ ગયેલ તે હકીકત ફરિયાદમાં જણાવેલ નથી, પંચો છે તે ધારીના છે, તપાસ કરનાર અધિકારી તેઓના પોલીસ સ્ટાફના છે, તેઓએ કોઈ તપાસ કરેલ નથી પરંતુ તપાસના કાગળો પરથી ચાર્જશીટ કરેલુ છે.

આમ, આ કામે ફરિયાદી, સાહેદ અને ચાર્જ.અધિકારીને તપાસેલા છે. આ સાહેદ પોલીસ સાહેદ છે. તેવા સંજોગોમાં નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"*

વધુમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદ કે જેઓ રૂબરૂ આરોપીના કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ બનાવવાનો આથો મળી આવેલ હોવાની હકીકત સબબ ફરિયાદપક્ષનો કેસ છે અને તેઓએ પોતાની રૂબરૂ સદર પંચનામુ થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરિયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

આ કામે જો નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દિલીપ સાન્શી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો** ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, "In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."

જેથી આ કામનાં અન્ય સાહેદો કે જેઓ ફરિયાદી અને ચાર્જ.અધિકારી પોલીસ કર્મચારીઓ હોવાની હકીકત ફલીત થાય છે. જયારે ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબજામાંથી જાહેરમાં વગર પાસ પરમીટનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતાં ગૂન્હાવાળી જગ્યા રહેંણાક વિસ્તાર છે અને આજુબાજુ બીજા મકાન આવેલા હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ રેકર્ડ જોતાં ફલીત થતું નથી. તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ બનાવવાનો આથો રાખવાનો કેસ હોવા છતાં પંચ સાહેદોનો પુરાવો જોતાં તપાસ કરનાર અમલદાર આરોપીના કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ બનાવવાનો આથો જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. આમ, રેકર્ડ પરની હકીકત મુજબ જ્યારે ચાર્જશીટ પરનાં પુરાવાના સંજોગોમાં અન્ય  સાહેદોને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર: પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતાં આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતાં ન હોય તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે તેના ચુકાદામાં સતીષ મહેરામાં પ્રસ્થાપીત કરેલ છે.  "When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ મહત્વના અને ચાવીરૂપ પંચસાહેદ ફરિયાદપક્ષના કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબીત કરી શકે તેમ જણાતું ન હોય તેમજ ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમિનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હક્કદાર ઠરતાં હોવાનું આ

અદાલતનું માનવુ હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** આપી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

(૧) આ કામના આરોપી (૧) **પરશોતમભાઇ નાનજીભાઇ જાળેરા, (૨) રાજુભાઇ બચુભાઇ જાળેરા,** બન્ને રહે.છતડીયા, તા.ધારી, જી.અમરેલીનાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે **ધી ગુજરાત નશાબંધી કાયદાની કલમ-૬૫(એફ)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ નાશ કરવા પાત્ર મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રુપિયા ૫૦૦૦/- ના જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ-૨૪ મી, માહે: જુન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૦૬/૨૦૨૬
સ્થળ:-ધારી.

**( એમ.એમ.સૈયદ )**
**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ધારી**
**કોડ- જીજે૦૧૧૦૩**

(એમ.જે.બારડ)